અપીલ અરજી નં.૩૩૪ તા.૮–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી બી.સી. સોનવણે
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી બી.સી. સોનવણે ની તા.૩૦–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧. ૧૪/૧,૧૪/૨ ,૧૩/એ,૧૩/ બી વગેરેમાં બનાવવામાં આવેલ મારૂતિ ઈન્ડ. એસ્ટેટ. એન. એ. છે કે નહીં? અને જો એન.એ થયેલ હોય તો તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતનો ઠરાવ નંબર શું છે? ૨. મારૂતિ ઈન્ડ. એસ્ટેટમાં આજ દિન સુધી કેટલા ઈન્ડ. શેડોનું બાંધકામ થયેલ છે? ૩. સદર એસ્ટેટમાં કેટલા પ્લોટ હોલ્ડરોએ બાંધકામની પરવાનગી લીધી છે .૪. સદર એસ્ટેટમાં જે પ્લોટ હોલ્ડરોએ બાંધકામની પરવાનગી લીધી નથી અને બાંધકામ કરી દીધા છે એવા પ્લોટ હોલ્ડરો સામે કયા પગલા ભરેલા છે? તેવા મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૪/૨૦૦૯–૧૦

શ્રી બી.સી. સોનવણે ની તા.૩૦–૧૧–૦૯ની અરજીથી મુદ્દા નં.૧. ૧૪/૧,૧૪/૨ ,૧૩/એ,૧૩/બી વગેરેમાં બનાવવામાં આવેલ મારૂતિ ઈન્ડ. એસ્ટેટ. એન. એ. છે કે નહીં? અને જો એન.એ થયેલ હોય તો તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતનો ઠરાવ નંબર શું છે? ૨. મારૂતિ ઈન્ડ. એસ્ટેટમાં આજ દિન સુધી કેટલા ઈન્ડ. શેડોનું બાંધકામ થયેલ છે? ૩. સદર એસ્ટેટમાં કેટલા પ્લોટ હોલ્ડરોએ બાંધકામની પરવાનગી લીધી છે .૪. સદર એસ્ટેટમાં જે પ્લોટ હોલ્ડરોએ બાંધકામની પરવાનગી લીધી નથી અને બાંધકામ કરી દીધા છે એવા પ્લોટ હોલ્ડરો સામે કયા પગલા ભરેલા છે? તેવા મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ નો જવાબ યોગ્ય નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને તબદીલ કરેલ હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૪ તા. ૧૫–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ, ફી ની વિગત તથા અપીલ અરજીમાં અરજી કયા વિભાગને અને કયા જાહેર માહિતી અધિકારીને કરેલ તેની વિગતો તથા અરજી તબદીલ થયેલ હોય તો તેની વિગતો તથા મળેલ માહિતી અપીલ અરજી સાથે રજૂ કરેલ ન હોય રજૂ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૧–૧–૧૦ થી પત્ર પાઠવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ અરજદારે જાહેર માહિતી અધિકારીને પાઠવેલ તા.૨૯–૧૨–૦૯ ના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૭૪૨ ની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩૦–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ માં ઉપરોકત વિષય બાબતની માહિતીની માંગણી કરવામાં આવેલ છે.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૫૭૪૨ તા.૨૯–૧૨–૦૯ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૮–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી મુદ્દા નં.૧. ૧૪/૧,૧૪/૨ ,૧૩/એ,૧૩/બી વગેરેમાં બનાવવામાં આવેલ મારૂતિ ઈન્ડ. એસ્ટેટ. એન. એ. છે કે નહીં? અને જો એન.એ થયેલ હોય તો તાલુકા પંચાયત/જિલ્લા પંચાયતનો ઠરાવ નંબર શું છે? તેવી માહિતીની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેની કચેરીને લાગુ પડતી નથી. તેવો જવાબ પાઠવેલ છે. જેમાં અરજદારે અપીલ અરજીમાં મારૂતિ ઈન્ડ. એસ્ટેટનો લે આઉટ પ્લાનને મહાનગરપાલિકાએ મંજુરી આપેલ હોય તો તે સમયે જમીન એન.એ છે કે નહીં તે જોયા વગર લે આઉટ પ્લાનને મંજુર કેવી રીતે કરવામાં આવેલ છે? પ્લાન મંજુર કરતી વખતે તમામ હકીકત તપાસીને કોઈ પણ પ્લાનને મંજુરી આપવાની હોય છે. તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. તથા તેમના તા.૨૧–૧–૧૦ ના પત્રમાં જાહેર માહિતી અધિકારી તરફથી ઉધનાઝોન કચેરીનેમાહિતી માંગતી અરજી કરવામાં આવેલ છે. જો અરજીની માહિતી તેમના કાર્યક્ષેત્રમાં ન આવતી હોય તો અન્ય જાહેર માહિતી અધિકારી કે સત્તા મંડળના કાર્યક્ષેત્રમાં અરજી મળ્યેથી દિન–૫ માં આટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ તબદીલ કરવાની રહે છે જે કાર્યવાહી જાહેર માહિતી અધિકારી તરફથી થયેલ છે કે નહીં તેની વિગતો અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી પત્ર પાઠવ્યા છતાં પૂરી પડાયેલ નથી. મુદ્દા નં. ૨. મારૂતિ ઈન્ડ. એસ્ટેટમાં આજ દિન સુધી કેટલા ઈન્ડ. શેડોનું બાંધકામ થયેલ છે? તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારીએ મારૂતિ ઈન્ડ. એસ્ટેટમાં આજ દિન સુધી આશરે ૮૦ ટકા પ્લોટોમાં ઈન્ડ. શેડોનું બાંધકામ થયેલ છે.તેવી માહિતી પૂરી પડાયેલ છે. તેમાં અરજદારે તા.૨૧–૧–૧૦ ના પત્રથી અપીલ તબકકે એસ્ટેટના બાંધકામની મંજુરી તા.૧૪–૧૦–૦૯ ના રોજ આપવામાં આવેલ છે તો બે માસમાં ૮૦ ટકા શેડોનું બાંધકામ કેવી રીતે થઈ શકે તેથી જવાબ ખોટો છે તેવી દલીલ કરી છે. પરંતુ તેના આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આપેલ મુદ્દા નં.૩ ની માહિતીમાંથી અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. ૩. સદર એસ્ટેટમાં કેટલા પ્લોટ હોલ્ડરોએ બાંધકામની પરવાનગી લીધી છે ? તેના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારીએ લે આઉટ પ્લાનની મંજુરી પત્ર નં.ટીડીઓ/૧૪૮ તા.૧૪–૧૦–૦૯ થી આપવામાં આવેલ છે.તેવી માહિતી પૂરી પાડેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે લે આઉટ પ્લાનમાં સરખા મકાનો બાંધવા માટે મંજુરી આપવામાં આવેલ હોય તો સદર ઈન્ડ. માં બે ત્રણ માળના મકાનો જે પ્લાન વિરુધ્ધ રીતે બાંધવામાં આવેલ છે તેના માટે જવાબદાર કોણ છે ત તેમજ આવા

કામો માટે પગલા લેવામાં આવેલા નથી. સીધી અને આડકતરી રીતે ગેરકાયદેસર કામોને મદદ કરવામાં આવે છે તે યોગ્ય નથી. જે બાબતે અરજદારે અપીલ તબકકે પૂરક પ્રશ્ન કાર્યવાહીને લગતો ઉપસ્થિત કરેલ છે. ૪. સદર એસ્ટેટમાં જે પ્લોટ હોલ્ડરોએ બાંધકામની પરવાનગી લીધી નથી અને બાંધકામ કરી દીધા છે એવા પ્લોટ હોલ્ડરો સામે કયા પગલા ભરેલા છે? તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારીએ સદર ઈન્ડ. બાંધકામના લે આઉટ પ્લાનની મંજુરી/પરવાનગી લેવામાં આવેલ હોય પ્લોટ હોલ્ડરોએ બાંધકામની પરવાનગી ન લીધા હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે તા.૨૧–૧–૧૦ ના પત્રથી અપીલ તબકકે જે અંગે આપેલ જવાબ બરાબર નથી લોકો પ્લાન વિરુધ્ધ બાંધકામ બે કે ત્રણ માળના મકાન બાંધેલ હોય તેમને બાંધકામની પરવાનગી લેવાની હોય છે તેવી દલીલ કરી આપેલ જવાબ બરાબર નથી તેવું જણાવી અરજદારે બાંધકામ અંગે પ્લોટ હોલ્ડરો સામે ભરવાના પગલાની માહિતી માંગેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ બાંધકામની પરવાનગી ન લીધાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવું જણાવેલ છે.

અપીલની સમગ્ર હકીકત જોતાં અરજદારના મુદ્દા નં.૨ જાહેર સત્તા મંડળે આપેલ માહિતી સામે મંજુરી લેનાર અરજદારે હાથ ધરેલી કાર્યવાહીને સ્પર્શતો મુદ્દો રજૂ કરેલ છે. જે તપાસલક્ષી બાબત છે. દફતરી માહિતી અરજદારને મળેલ જણાય છે. જયારે મુદ્દા નં.૪ કાર્યવાહી અને તકરાર નિવારણને સ્પર્શતી જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) સાથે ૨(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી સુસંગત જણાય છે. મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદાનું પાલન કરેલ જણાતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ બાબતે લાગત જાહેર માહિતી અધિકારી કે સત્તા મંડળને અરજી તબદીલ કરેલ ન હોય તો આરટીઆઈ એકટની કલમ–૬(૩) સાથે નિયમ–૪(૨) હેઠળ તબદીલ કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામા આવે છે.જયારે મુદ્દાનં.૨ થી ૪ માં ગેરકાયદસર બાંધકામો બાબતે અપીલ તબકકે અરજદારે કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી બી.સી. સોનવણે ,